# જામનગરના મસ્ત સીવણ ક્લાસીસ દ્વારા ફેશન ડિઝાઈનિંગ સ્પર્ધા યોજાઈ, ૩૦ દીકરીઓ ભાગ લીધો





જામનગર : જામનગરના મસ્ત સીવણ ક્લાસીસ દ્વારા દર વર્ષેની જેમ આ વર્ષે પણ ફેશન ડિઝાઈનિંગની સ્પર્ધા શહેરના કાલાવડ નાકા બહાર આવેલ અરબ જમાત ખાના ખાતે યોજાઈ હતી જેમાં ૩૦ દીકરીઓ ભાગ લીધો હતો. આ ફેશન ડિઝાઈનિંગની સ્પર્ધામાં મુખ્ય આયોજક મસ્ત સીવણ ક્લાસીસના સંચાલક રેહાનાબેન શેખ હતા અને સ્પર્ધામાં જજ તરીકેની ભૂમિકા આઇ.ટી.આઇના શિક્ષક દેવાંગી દ્વારા કરવામાં આવેલ હતી. મસ્ત સીવણ ક્લાસીસ દ્વારા આયોજક ફેશન ડિઝાઈનિંગની સ્પર્ધામાં અતિથિ વિશેષ તરીકે વોર્ડ નં.૧૨ ના કોંગી પ્રમુખ અને સામાજીક કાર્યકર મોહસીનભાઈ ખફી, અરબ જમાતના પ્રમુખ રોઝાભાઈ અરબ, સેક્રેટરી સાજીદભાઈ અરબ, અબ્દુલકરીમભાઈ અરબ, સામાજીક કાર્યકર નિઝામભાઈ સફિયા, આસીફભાઈ સમા અને ડો.ઝાહિદભાઈ રાઠોડ સહિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા અને તેઓ દ્વારા ઈનામ પણ વિતરણ કરવામાં આવેલ હતા. આ સ્પર્ધા કુલ ૩૦ દીકરીઓ ભાગ લીધો હતો. જેમાં ટોપ ૫ વિજેતાને ઈનામ આપવામાં આવ્યા હતા. પાંચમા ક્રમે આશીયાના શેખ, ચોથા ક્રમે પુજાબેન, ત્રીજા ક્રમે ફીઝા મેમણ, બીજા ક્રમે નસીશબને સૈયદ અને ફેશન ડિઝાઈનિંગની સ્પર્ધામાં પ્રથમ વિજેતા કનીઝ ફાતેમા શેખ રહ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગર જિલ્લાની ગૌશાળા-પાંજરાપોળો માટે સહાય મેળવવા અરજી પ્રક્રિયા શરૂ

જામનગર : જામનગર જિલ્લાની ગૌશાળા અને પાંજરાપોળોને પશુ નિભાવ સહાય પૂરી પાડતી 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ના જાન્યુઆરીથી માર્ચના તબક્કા માટે અરજી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રાજ્યની પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ ગૌશાળા-પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા ગાય અને ભેંસ વર્ગના પશુઓ માટે આ સહાય મળવાપાત્ર છે. આ યોજના હેઠળ લાભ લેવા ઈચ્છતી સંસ્થાઓએ આઈ-ખેડૂત પોર્ટલ-૨.૦ (ikhedut 2.0) પર તા.૧૫/૦૨/૨૦૨૬ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. યોજનાના ઠરાવ અને અન્ય શરતોની વિગતો વેબસાઈટ http://gauseva.gujarat.gov.in પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયત, જામનગરની યાદીમાં જણાવ્યા અનુસાર, લાભાર્થી સંસ્થાએ આઈ-ખેડૂત પોર્ટલ પર લોગિન કરી ઓનલાઈન અરજી નોંધણી કર્યા બાદ તેને ફરજિયાત સબમિટ કરી પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. પોર્ટલ પર ડ્રાફ્ટ કે પેન્ડિંગ રાખેલ અધૂરી અરજીઓ માન્ય ગણાશે નહીં. જે સંસ્થા જે-તે તબક્કા માટે ઓનલાઈન અરજી નહીં કરે, તેમને તે સમયગાળાની સહાય મળવાપાત્ર રહેશે નહીં તેની ખાસ નોંધ લેવી. વધુમાં, ઓનલાઈન અરજી કર્યા બાદ તેની પ્રિન્ટ આઉટ સાથે જરૂરી તમામ સાધનિક કાગળો જોડીને અરજી કર્યાના ૨૧ દિવસની અંદર નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયતની કચેરી ખાતે રજૂ કરવાના રહેશે. જો નિયત ૨૧ દિવસમાં સાધનિક કાગળો કચેરી ખાતે જમા કરવામાં નહી આવે તો ઓનલાઈન અરજી રદ ગણવામાં આવશે.

## જામનગર મહાનગર પાલિકા કરોડોની દેવાદાર: ૧૦૨૭ કરોડનું દેવું ચૂકવવાનું બાકી

જામનગર : જામનગર મહાપાલિકા પાસે સરકાર નું ૧૦૨૭૦૧.૬૯ લાખનું લેણું છે વર્ષ પહેલા લીધેલ લોનના પૈસા ચૂકવાયા નથી પરિણામે મુદ્દલ કરતા વ્યાજની ચૂકવણી કરવાની રકમ મોટી. છે.

જામનગર મહાપાલિકાની લોનની જવાબદારી સામે સરકાર રાહત આપે તો જ કોર્પોરેશનના માથેથી દેવું ઓછું થાય તેમ છે. હાલ તો ફક્ત લોનનું વ્યાજ જ ૩૬૫૪૨.૯૭ લાખે પહોંચી ગયું છે. તે મહાપાલિકાની મોટી જવાબદારી છે.

વિવિધ લોનની વાત કરીએ તો અછતની કુલ ૨૬૪.૩૧ લાખની સામે ૧૨૧૩.૧૫ લાખ વ્યાજ થઈ ચુક્યુ છે અને તેની જવાબદારી કુલ ૧૪૭૭.૪૬ લાખ થાય છે.

જયારે ફુલઝર ડેમ ૧૨૪.૬૯ લાખ સામે વ્યાજ ૫૭૭.૯૧ લાખ થઈ ગયું છે અને કુલ ૭૦૨.૬૦ લાખ, નેશનલ સ્લમ ડેવલોપમેન્ટની કુલ લોન ૨૦૩.૯૫ લાખ જયારે આજી ૩ ગુજરાત હાઉસીગ બોર્ડની ૧૫૪.૭૫ લાખ લોન સામે ૫૯૭.૮૦ લાખ વ્યાજ થયુ છે અને કુલ ૭૫૨.૯૫ લાખ થયું છે. ફિલ્ટર પ્લાન્ટેશન પ્લાન્ટની જવાબદારી ૧૩૦.૭૬ લાખ થવા જાય છે. આ ઉપરાંત ગુલાબનગર ઈએસઆર ૩૭.૧૬ લાખની જવાબદારી સામે ૧૦૪.૭૨ લાખ વ્યાજ સહિત કુલ ૧૪૧.૮૮ લાખની જવાબદારી વધી છે. જયારે ભુગર્ભ ગટર (એલઆઈસી) ની જવાબદારી ૪૫.૦૯ની સામે ૯૮.૩૪ લાખ વ્યાજ અને કુલ ૧૪૩.૪૩ લાખ થાય છે. ઉંડ ડેમમાં ડિફેન્સમાં ૪૦૫.૮૧ લાખ સામે ચાર ગણુ ૧૭૮૧.૮૧ લાખ થઈને કુલ ૨૧૮૭.૬૨ લાખ થાય છે.

ખાસ કરીને વિશ્રૃવ બેંકની લોનમાં ઉંડ ડેમમાં ૩૦૩.૭૩ લાખની સામે ૯૬૪.૩૪ લાખ અને કુલ ૧૨૬૮ લાખ, વોટર ચાર્જીસનાં ૨૭૬૯૭.૩૨ લાખ ચુકવવાનાં થાય છે. જયારે પાઈપલાઈનનાં ૩૦૨ લાખ, પોલ્યુશન ચાર્જીસના ૧૦૧.૨૭ લાખ, જામનગર સિંચાઇ વિભાગનાં ૯૫૫૬.૮૫ સામે ૧૮૬૩૬.૧૫લાખ થઈ કુલ ૧૨૮૧૯૩ લાખની જવાબદારી કોર્પોરેશન પર છે જયારે રાજકોટ સિંચાઈ વિભાગનાં લેણા ૮૨૮૯.૬૭ લાખ સામે ૧૦૬૨૭.૮૯ લાખ થઈ કુલ ૧૮૯૧૭.૫૬ લાખ, ટીપી ડીપી વળતર ૧૭૧.૭૬ લાખ, અનામત ૧૬૦૯૪.૯૮ લાખ, અછત લોન ૪૫લાખ, ડિબેન્ચર લોન ૧૮૮.૮૬ લાખ કુલ રાહત ૬.૮૫ લાખ, ફાયર ફાઈટર ૪૭૭.૫૭ લાખ, વહીવટી ભવન અને વિવેકાનંદ બ્રીજનાં ૪૪૬.૩૭ લાખ સામે વ્યાજ થઈ કુલ ૧૩૯૭.૯૦ લાખ જયારે સ્લમના ૧૫૬.૧૪ લાખની જવાબદારી તેમજ નગરવિકાસ સુનિધી યોજનાની જવાબદારી ૧૪૩.૧૭ લાખની થવા જાય છે.

ખાસ કરીને મહાપાલિકાની લોન અને અન્ય જવાબદારીમાં જોઈએ તો લગભગ અધોઅધ રૂપિયાની જવાબદારી પાણી ચાર્જમાં જ જાય છે. ખાસ કરીને નર્મદાનું પાણી ખુબ જ મોંઘુ હોય છે, ઉનાળાનાં સમયમાં તો દરરોજ ૪૦ થી ૬૦ એમએલડી પાણી લેવામાં આવે છે. ત્યારે જો સરકાર આ બાબતે કુણુ વલણ અપનાવે તો જામનગરને ફાયદો થાય અગાઉ પદાધિકારીઓએ પણ નર્મદાનાં પાણીનાં રૂપિયા માફ કરવા સરકારમાં રજુઆત કરી છે. જો કે હજુ સુધી વ્યાજ માફી કે નવી ગ્રાન્ટનાં રૂપિયા જામનગરને કોર્પોરેશનને આપવાની કોઈ જાહેરાત કરવામાં આવી નથી એટલે કે અત્યારે તો જામનગર કોર્પોરેશન ઉપર રૂપિયા ૧૦૨૭૦૧.૬૯ લાખની જવાબદારી છે. તે પણ હકીકત છે.

## દ્વારકાના આંગણે માણેક પરિવાર દ્વારા લગ્નોત્સવ અંતર્ગત પારંપરિક રીતે લગ્ન લખાયા



તસવીર : બુધાભા ભાટી

દ્વારકા : દ્વારકાના આંગણે પબુભા માણેક પરિવાર દ્વારા વિવિધ સમાજોની દિકરીઓના સમૂહ લગ્નની ઊજળી પરંપરા આ વખતે પણ અકબંધ રહી છે. ધારાસભ્ય પબુભા વિરમભા માણેક પરિવાર દ્વારા આયોજીત સર્વે જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ-૨૦૨૬ અંતર્ગત ગૌશાળા ખાતે શ્રી સમસ્ત ક્ષત્રિય વાઘેર સમાજ અને ?બીજા સમાજનાં નવદંપતિઓનાં ધાર્મિક વિધિ વિધાનથી શાસ્ત્રોક્ત અને પારંપરિક રીતે લગ્ન લખવામાં આવ્યાં હતા.

## જામનગરમાં યુવાન પર હુમલો કરી ૧૮૦૦ની લૂંટ ચલાવી ત્રણ શખ્સો ફરાર

જામનગર : જામનગરમાં યાદવ નગર વિસ્તારમાં રહેતા અને વાણંદ કામ કરતા એક યુવાનને ત્રણ શખ્સોએ છરી વડે હુમલો કરી તેના ખિસ્સામાંથી રૂા. ૧,૮૦૦ની રોકડ રકમ સાથેનું પર્સ લૂંટી લેવા અંગેની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં યાદવનગર વિસ્તારમાં રહેતો વાણંદ યુવાન રમેશ દિનેશભાઈ જગતિયા, કે જે ગઈકાલે મયુર નગર વિસ્તારમાંથી રાત્રિના ૧૧.૩૦ વાગ્યાના અરસામાં પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન ત્રણ અજાણ્યા શખ્સોએ આવીને તેને મારઝુડ કરી હતી, અને હાથમાં છરી વડે હુમલો કરી દીધો હતો, તેમજ તેના ખિસ્સામાંથી રૂપિયા ૧,૮૦૦ની રોકડ રકમ સાથેનું પાકી ઝુંટવી લઈ ભાગી છુટ્યા હતા. જે બનાવ અંગે રમેશભાઈએ પોલીસ ફરિયાદ નોંધાવતાં અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો છે. આ બનાવ અંગે પીએસઆઈ એન એમ ઝાલા ત્રણેય શખ્સોને શોધી રહ્યા છે.

## જામનગરના સ્મશાન પાસે મહિલાઓ બાખડી પડી

જામનગર : જામનગરમાં સોનાપુરી સ્મશાનના પાર્કિંગમાં મહિલાઓ વચ્ચે ઝઘડો થયો હતો. મેલડી માતાના મંદિરે દર્શન કરવા આવેલી એક મહિલા અને તેના પુત્ર પર અન્ય બે મહિલાઓએ હુમલો કરી દીધાની પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે. જે ઝપાઝપી દરમિયાન ફરીયાદી મહિલાનો સોનાનો ચેઈન પણ પડી ગયો હોવાનું જાહેર કરાયું છે.

જામનગરમાં હાથી કોલોની વિસ્તારમાં રહેતી દિવ્યાબેન હિતેશભાઈ નામની ૪૬ વર્ષની પટેલ જ્ઞાતિની મહિલાએ સોનાપુરી સ્મશાનમાં પાર્કિંગમાં પોતાની સાથે ઝઘડો કરી પોતાના ઉપર તેમજ પોતાના પુત્ર આદિત્ય ઉપર હુમલો કરવા અંગે રીટાબેન ચૌહાણ અને તેની સાથેની એક અજાણી મહિલા સામે ફરિયાદ નોંધાવી છે.જે ઝપાઝપી દરમિયાન પોતાનો સોનાનો ચેઈન પણ પડી ગયો હોવાનું જાહેર કરાયું છે.

પોલીસમાં જણાવ્યા અનુસાર ફરિયાદી દિવ્યાબેન ને અન્ય એક મહિલા સાથે ગત ૨૦ મી તારીખે તકરાર થઈ હતી, જે આરોપી રીટાબેનની બહેનપણી થતી હોવાથી તેનું ઉપરાણું લઈને બંને મહિલાઓએ આ હુમલો કરી દીધો હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. આ બનાવ મામલે મહિલા પીએસઆઈ મયુરીબેન મહેતા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## દ્વારકાના જલારામ મંદિર ભાગવત્ સપ્તાહનું આયોજન



દ્વારકા : લંડનથી ૮૪ વર્ષના એકલા શારદાબેન વિનોદભાઈ કોટેચા દ્વારકાના શ્રી જલારામ મંદિરે આવી તેમના દિવંગત પતિ વિનોદભાઈના સ્મરણાર્થે ભાગવત સપ્તાહના આયોજનની વાત કરેલ. ટ્રસ્ટના પ્રમુખ અશ્વિનભાઈ ગોકાણી, ટ્રસ્ટીઓ કે.જી.હિન્ડોચા, અનીલભાઈ માવાણી દ્વારા ત્વરીત શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન ગોઠવી આપેલ અને વ્યાસપીઠ પરથી જાણીતા કથાકાર બકુલભાઈ સાતા સંગીતમય શૈલીમાં કથાનુ રસપાન કરાવે છે. કથા સમય સાંજે ૪-૩૦ થી ૭-૩૦ રાખેલ છે. જેનો જાહેર જનતાને લાભ લેવા અનુરોધ છે.

## જામનગર એસ.ટી. ડેપો કર્મીની પુત્રીનું સન્માન



જામનગર : જામનગર એસટી ડિવિઝન ખાતે ૭૭માં ગણતંત્ર દિવસે ધ્વજવંદન ડી.એમ. ઇ કલોલા, દ્વારકા ડેપો મેનેજર મિલનભાઈ રાઠોડ દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. કર્મચારીઓના બાળકોના સારી ટકાવારી લાવેલ તેના પ્રોત્સાહન રૂપે સન્માનિત કરવામાં આવેલ. તેમાં જામનગર ડેપોના ભારતીય મજદૂર સંઘના આગેવાન કંડકટર એન. જી. વાળા પુત્રી ખુશીબેન એન. વાળા ધોરણ ૧૨ મા ૮૫.૧૭ આવેલ તેમને પ્રમાણપત્ર મેડલ અને ૧૧૦૦ રૂપિયાનો ચેક સન્માનિત કરવામાં આવેલા

## જામનગરમાં વોર્ડ નં. ૧૨ માં એસઆઈઆરની કામગીરીની આડમાં મતદાર યાદીમાંથી નામો કમી કરવાનું કૌભાંડ?



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં એસઆઈઆરની કામગીરીમાં ચોક્કસ જ્ઞાતિ/વર્ગના લોકોના નામ મતદાર યાદીમાંથી કમી કરવામાં આવી રહ્યા હોવાની રજૂઆત દરમિયાન વોર્ડ નં. ૧૨ ના કોર્પોરેટર જેનબબેન ખફીએ જનતા રેડ પાડી એક ચોંકાવનારો ખુલાસો રજૂ કરતા સરકારી તંત્રની કામગીરી અંગે લોકોમાં રોષ ફેલાયો છે.

આ વોર્ડના ૯૨ લોકો જેમાં ખુદ જેનબબેન ખફીના માતાનું પણ નામ છે તેમના નામ મતદાર યાદીમાંથી કમી કરવા કોઈ એક વ્યક્તિએ અરજી કરી હોવાનું જાણવા મળતા જનતા રેડ પાડી આ ખોટી અરજી કરનારાની શોધખોળ કરતા તે વ્યક્તિને તો વાંચતા, લખતા આવડતું જ નથી અને સાવ અભણ હોવાનું બહાર આવ્યું છે. આમ, એસઆઈઆરની કામગીરીમાં ભાજપના ઈશારે મોટા પાયે ગોબાચારી કરવામાં આવતી હોવાની રજૂઆતને પૂરવાર થતું હોવાનો જેનબબેન ખફીએ આક્ષેપ કર્યો છે.

## ધ્રોલના દેડકદડ ગામે એક યુવાન પર પરિવારના ચાર સભ્યોનો હુમલા

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના દેડકદડ ગામમાં રહેતા મનસુખભાઈ ભુપતભાઈ ઝિંઝુવાડીયા ના ૩૦ વર્ષના યુવાને પોતાના ઉપર લાકડી અને ધોકા વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે પોતાના જ ફઈબા ઝીકુબેન દિલીપભાઈ જોગરાજીયા, તેમજ તેના પરિવારના રાહુલ દિલીપભાઈ, લાલો દિલીપભાઈ, અને સંજય બાબુભાઈ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી મનસુખભાઈ ના દાદીમા કે તેઓ ફરિયાદી અને તેઓના કાકાની સાથે રહે છે, તેઓ ફઈબાને બરાબર રાખતા ન હોવાની ફરિયાદ કરતાં ફઈબા વગેરેએ દેડકદડ ગામે આવીને આ હુમલો કરી દીધો હોવાનું પોલીસમાં જાહેર થયું છે. ફરિયાદી યુવાનને ઈજા થઈ હોવાથી ધ્રોળની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર લેવી પડી છે.

## જામ્યુકોના પૂર્વ વિપક્ષી નેતાની જીવલેણ હુમલા કેસમાં આગોતરા જામીન અરજી રદ

જામનગર : જામનગરમાં સવા માસ પહેલા કોર્પોરેટર ઉપર થયેલા હુમલામાં એક આરોપી એવા કોંગી કોર્પોરેટરની આગોતરા જામીન અરજી અદાલતે રદ કરી છે.

ગત તા. ૨૯/૧૨/૨૦૨૫ના રોજ કોર્પોરેટર અને વિરોધપક્ષના પૂર્વ નેતા અસલમભાઈ ખીલજી જેમણે તાજેતરમાં કોંગ્રેસ છોડી આમ આદમી પાર્ટીમાં જોડાયેલ હોય. તેઓ જેએમસી માંથી નીકળી ભીડભંજન મંદીર બાજુમાં પોતાના મોટર સાઈલક પરથી નીકળતા એક ફોર વીલ કાર આવી તેઓની મોટર સાઈકલને પાછળથી ઠોકર મારી પછાડી દીધેલ અને ફોર વીલ કાર માંથી જુનેદ ઉર્ફે પાવડરીયો કે જેના હાથમાં તલવાર હતી તથા ઈસ્તીયાક જેનાં હાથમાં લોખંડ નો પાઈપ હતો તથા સમીર ઉર્ફે ચોટલી જેના હાથમાં લાકડા નો ધોકો હતો તે બધાએ આવીને અસલમભાઈ ખીલજીને કહેલ કે અમોને કોર્પોરેટર અલ્તાફભાઈ ખફીએ મોકલેલ છે, તું કોર્પોરેટર અલતાફભાઈ ખફી સામે કેમ થાય છે. તને પતાવી દેવો છે તેમ કહી આવેલા બધા આરોપીઓ અસલમ ખીલજીને તલવાર, લોખંડના પાઈપ અને ધોકા વળે આડેધડ માર મારવા લાગેલ તે દરમ્યાન રાહદારી માણસો માંથી કોઈક એ ૧૦૮ ને ફોન કરી બોલાવેલ જેથી અસલમ ખીલજીને સૌ પ્રથમ જી.જી.હોસ્પીટલમાં પ્રાથમીક સારવાર કરેલ ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પીટલમાં લઈ ગયેલ તે વખતે તેના ભત્રીજા શાહનવાઝ મોહમદ ખીલજીને જાણ થતા તેઓ હોસ્પીટલમાં પહોંચેલ અને તેઓએ પો.સ્ટે.માં આરોપીઓ જુનેદ ઉર્ફે પાવડરીયો રજાક ચૌહાણ, સલીમ વલીભાઈ ખીલજી, ઈસ્તીયાક ઉર્ફે ચોટલી બોદુભાઈ કુરેશી, હબીબ ખફી, સમીર ઉર્ફે ચોર શકીલભાઈ ચૌહાણ તથા અલ્તાફભાઈ ખફી વિરુધ્ધ ફરીયાદ દાખલ કરેલ.


ત્યારબાદ અમુક આરોપીઓને પોલીસ દ્વારા ધરપકડ કરી જેલ હવાલે કરેલ તેમજ અલ્તાફભાઈ ગફારભાઈ ખફી દ્વારા જામનગરની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી અને તેના વકીલ મારફતે એવી રજૂઆત કરવામાં આવેલ કે હાલના આરોપી સમાજમાં આગેવાન અને સામાજીક કાર્યકર છે, ૪ ટર્મથી કોર્પોરેટર છે. તેમજ બનાવ વાળા સ્થળે તેઓ હાજર ન હતા પરંતુ અન્ય જગ્યાએ હતા તેના ફોટોગ્રાફસ મુકેલ અને આ કામનાં ઈજા પામનારએ અલ્તાફભાઈ ખફીનું રાજકીય કારકીદીનું કદ વધતા તેઓ ઈર્શાથી પ્રેરાઈને અલ્તાફભાઈ ખફી કોઈપણ રીતે હાલનાં કેસમાં સંડોવાયેલ ન હોવા છતા તેની રાજકીય કારકીદી ખત્મ કરી નાખવા માટે ઈજા પામનાર અસલમભાઈ ખીલજી દ્વારા તેની ખોટી રીતે સંડોવણી કરેલ છે. તેથી તેને આગોતરા જામીન ઉપર મુક્ત કરવા જોઈએ. તેની સામે સરકાર પક્ષે સરકારી વકીલ રાજેશ કે. વસીયર દ્વારા એવી રજૂઆત કરેલ કે, આ સમગ્ર કાવતરુ અલ્તાફભાઈ ખફી દ્વારા કરવામાં આવેલ છે, અસલમભાઈ ખીલજીને મલ્ટીપલ ફેકચર કરવામાં આવેલ છે અને આરોપીઓ દ્વારા જાહેર સ્થળ ઉપર કોઈપણ જાતનાં ભય વગર ઈજા પામનારને જાનથી મારી નાખવાનો પ્રયત્ન કરેલ છે. તેમજ અસલમભાઈ ખીલજી ઉપર હુમલો થયેલ તે પહેલા આરોપી જુનેદ અને અલ્તાફભાઈ ખફી દ્વારા વોટએપ કોલ દ્વારા વાત ચીત થયેલ હતી. અને અલ્તાફભાઈ ખફી વિરુધ્ધ અગાઉ પણ ૫ જેટલા ગુન્હા નોંધાયેલ હતા. તેમજ અલ્તાફભાઈ ખફી દ્વારા ગુજરાત હાઈકોર્ટ માંથી પણ કવોશીગ પીટીશન વિથડ્રો કરેલ છે. જે તમામ દલીલો ધ્યાને લઈ સેશન્સ જજ વિ.પી.અગ્રવાલ દ્વારા કોર્પોરેટર અલ્તાફભાઈ ખફીની આગોતરા જામીન અરજી રદ કરેલ છે.

## ખંભાળિયામાં યુવાનની હત્યા પ્રકરણમાં કાકા અને બે બહેનો ત્રણ દિવસના રિમાન્ડ પર

ખંભાળિયા : ખંભાળિયાના રામનગર વિસ્તારમાં યુવાનની હત્યામાં પોલીસે ગણતરીના કલાકોમાં જ પિતરાઈ કાકા અને બે બહેનોની ધરપકડ કરી અદાલત સમક્ષ રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.


પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયાના રામનગર વિસ્તારમાં ગુંદા મોરાવાળીમાં જશવંત અશ્વિનભાઈ ચોપડા નામના યુવાનની તીક્ષ્ણ હથિયાર વડે હત્યા કરવામાં આવી હતી જે બનાવમાં મૃતકના પિતા અશ્વિનભાઈએ રવજીભાઈ ભાણાભાઈ ચોપડા અને તેની બે પુત્રી કિરણ તથા કાજલ સામે વિધિવત પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓને ઝડપી લેવા પોલીસે ઠેર ઠેર દરોડા પાડી આખરે ત્રણેયને પકડી પાડ્યા હતા અને અદાલત સમક્ષ રિમાન્ડની માંગણી સાથે રજૂ કરવામાં આવતા અદાલતે તમામના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. અને આ રિમાન્ડ દરમિયાન પોલીસને મહત્વની કડીઓને ખુલાસાઓ મળશે.

## હોમગાર્ડ સભ્યનું અવસાન થતાં વારસદારને સહાય



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા યુનિટના હોમગાર્ડઝ સભ્ય સ્વ. રમેશભાઈ નારણભાઈ જેઠવા સનદ નંબર-૮૩૬ નુ કેન્સર જેવી ગંભીર બીમારીથી અવસાન થતા મે.કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય અમદાવાદ દ્વારા વેલ્ફેર ફંડ માથી અવસાન સહાય રૂ.૧૫૦૦૦૦/- તેમજ મરણોત્તર સહાય રૂ- ૫૦૦૦/- મળી કુલ રૂ.૧૫૫૦૦૦/- ( અંકે રૂપિયા એક લાખ પંચાવન હજાર પુરા) મંજુર થતા તેઓના વારસદાર પત્ની ગં.સ્વ.મિતલબેન રમેશભાઈ જેઠવા ઉક્ત સહાયનો ચેક જીલ્લા કમાન્ડન્ટ સંદિપભાઈ.બી.ખેતીયાના વરદ હસ્તે એનાયત કરેલ તેમાં દ્વારકા યુનિટના ઓફિસર કમાન્ડિંગ તથા અન્ય કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહેલ હતા.

## અવસાન નોંધ



જામનગર : ચંદુલાલ મોહનલાલ શાહ પરિવારના પરેશાબેન તથા હરેશભાઈ શાહ(શિહોરવાળા હાલ જામનગર નિવાસી)ના પૌત્રવધૂ એકતાબેન હીરવભાઈ શાહ(ઉ.૩૮) તેઓ ધાર્મિના માતા તથા ચૈતાલી વિરલકુમાર, કરિશ્મા મૌલિકકુમાર, કેવલ, કરણ, આદિના ભાભી તથા આરતીબેનના જેઠાણી તથા સ્મિતાબેન, વિરેન્દ્રભાઈની પુત્રીનું તા.૩ને મંગળવારના રોજ અવસાન થયુ છે. સદગતનું ઉઠમણું તા.૫ને ગુરુવારે સવારે ૯.૩૦ વાગ્યે નિર્મલ વસંત વિહાર, લાલવાડી જૈન ઉપાશ્રય,જામનગર ખાતે રાખવામાં આવ્યું છે.

**જામનગર :** ગામ મોટામાંઢા, હાલ જામનગરના સ્વ.ગોમીબેન તથા સ્વ. કરમશીભાઈ વજાભાઇ ખીમસિયાના પુત્ર જયંતીલાલ ખીમસિયા (ઉ.વ.૬૮)નું તા. ૩ મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેઓ જ્યોત્સનાબેનના પતિ અને વિશાલ, વૈશાલી, દીપાના પિતા તથા ઉર્વી, વિશાલ, મીરલ નવીનચંદ્ર દોઢિયા (ગજણા), ચિરાગ બીપીનભાઇ હરિયા (સગપર)ના સસરા તથા સ્વ. મનસુખલાલ, સ્વ. અશોકકુમાર, રંજનબેન નરેન્દ્રભાઈ દોઢિયા (સિક્કા), સ્વ. પ્રગ્નેશ-નીલમ, નીરવ-લબ્ધિ, બિજલ મનસુખલાલના કાકા તથા નિશિત-ક્રિષ્ના, આશિષ, સાવનના મોટાબાપા તથા ત્રિશલા, જશ, હેઝલ અને જીનયના દાદા તથા સ્વ. જયાબેન પાનાચંદ પુંજા હરિયા (મોડપર) (કરાચીવારા)ના જમાઈ તથા અનિલાબેન કિશોરભાઈ સુમરિયા (ડબાસંગ), હર્ષિદાબેન નવીનચંદ્ર દોઢિયા (ગજાણા), વર્ષાબેન બીપીનભાઇ હરિયા (સગપર)ના વેવાઈ થાય. સદગતની સાદડી તા.૫ને ગુરુવારે સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦, આયંબિલ ભુવન, ઓશવાળ કોલોની, જામનગર મુકામે રાખેલ છે.